દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

# વિશ્વનો નવો નકશો: દેશોના કદ બદલાશે, સરહદો નહીં

વિશ્વના નકશાની બાબતમાં હાલ એક મહત્વની ઘટના બની છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શુક્રવારે એક ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કર્યો છે. આ પ્રસ્તાવ મુજબ હવે એક નવો નકશો અસ્તિત્વમાં આવી રહ્યો છે. જો કે આ નકશો કોઇ દેશની સરહદો બદલતો નથી પરંતુ કેટલાક દેશોના કદના દેખાવમાં જરૂર ફેરફાર થઇ રહ્યા છે. આ દરખાસ્ત જંગી બહુમતિથી પસાર થઇ ગઇ છે. ભારતે પણ આ પ્રસ્તાવના પક્ષમાં મતદાન કર્યું છે. અમેરિકા આ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કરનાર એકમાત્ર દેશ રહ્યો છે. જ્યારે છ દેશોએ મતદાન કર્યુ નહીં એટલે કે તેઓ તટસ્થ રહ્યા છે. યુએનના આ નિર્ણયથી દેશો અને ખંડોના ક્ષેત્રફળ પર કોઈ અસર નહીં પડે, બસ તેમનું કદ પહેલા કરતાં થોડુ નાનુ કે મોટું દેખાઈ શકે છે. અત્યાર સુધી પૃથ્વી પરના દેશો અને ખંડો દર્શાવવા માટે 'મર્કેટર વર્લ્ડ મેપ'નો ઉપયોગ કરવામાં આવતો હતો. તેમાં દેશો અને ખંડોનો આકાર તેમના વાસ્તવિક ક્ષેત્રફળ કરતાં મોટો કે નાનો દેખાતો હતો. નવા નકશાનું નામ 'ઈક્વલ અર્થ પ્રોજેક્શન' છે. તેમાં આફ્રિકા ખંડ પહેલા કરતાં ઘણો મોટો, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકા નાના દેખાશે. એશિયાના કેટલાક ભાગોનો આકાર પણ પહેલા કરતાં નાનો દેખાશે. આફ્રિકા અસર સૌથી વધુ જોવા મળશે, કારણ કે તેનો વાસ્તવિક આકાર જૂના મર્કેટર નકશાની સરખામણીમાં ઘણો મોટો દેખાશે.

વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા નકશાઓમાંનો એક મર્કેટર નકશો છે. તેને યુરોપિયન નકશા રચયિતા ગેરાર્ડસ મર્કેટરે વર્ષ 1569માં બનાવ્યો હતો. તેમનો મુખ્ય હેતુ સમુદ્રમાં જહાજોના રસ્તા અને દિશા સમજવાનું સરળ બનાવવાનો હતો. પરંતુ ગોળાકાર પૃથ્વીને સપાટ નકશા પર દર્શાવવાના કારણે તેમાં દેશો અને ખંડોનો આકાર વાસ્તવિકતા કરતાં અલગ દેખાવા લાગે છે. જેમ જેમ કોઈ વિસ્તાર વિષુવવૃત્તથી દૂર જાય છે, તેમ તે નકશા પર જરૂરિયાત કરતાં વધુ મોટો દેખાવા લાગે છે. આ જ કારણ છે કે ઉત્તરીય અને દક્ષિણી ભાગોના ઘણા વિસ્તારો વાસ્તવિકતા કરતાં ખૂબ મોટા દેખાય છે. ગ્રીનલેન્ડ આનું સૌથી જાણીતું ઉદાહરણ છે. મર્કેટર નકશામાં ગ્રીનલેન્ડ આફ્રિકાના લગભગ બરાબર દેખાય છે. પરંતુ વાસ્તવમાં બંનેના આકારમાં બહુ મોટો તફાવત છે. ગ્રીનલેન્ડનું ક્ષેત્રફળ લગભગ 22 લાખ ચોરસ કિલોમીટર છે, જે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના લગભગ બરાબર છે. જ્યારે આફ્રિકાનું ક્ષેત્રફળ લગભગ 3 કરોડ ચોરસ કિલોમીટર છે. એટલે કે આફ્રિકા ગ્રીનલેન્ડ કરતાં લગભગ 14 ગણું મોટું છે. છતાં મર્કેટર નકશાને જોઈને બંનેનો આકાર લગભગ એક સરખો જ લાગે છે. આ જ તે તફાવત છે જેને હવે ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નવા નકશામાં ભારતની વાસ્તવિક જમીન, આંતરરાષ્ટ્રીય સીમાઓ કે ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં. આ ફેરફાર દેશોની સીમાઓ બદલવા માટે નથી, પરંતુ નકશા પર પૃથ્વીને દર્શાવવાની રીત બદલવા માટેનો છે. ભારતનો નકશો જોવામાં પણ થોડો અલગ દેખાઈ શકે છે, પરંતુ ભારતના કિસ્સામાં ફેરફાર બહુ મોટો નહીં હોય. નવો નકશો ક્ષેત્રફળને સાચા પ્રમાણમાં દર્શાવે છે. જૂના નકશામાં વિષુવવૃત્તની આસપાસના વિસ્તારો તેમના મૂળ આકાર કરતાં નાના અને ધ્રુવો નજીકના વિસ્તારો મોટા દેખાતા હતા. ભારત વિષુવવૃત્તથી બહુ દૂર નથી, તેથી જૂના નકશામાં પણ તેનો આકાર અમુક હદ સુધી નાનો દેખાતો હતો. હવે ભારત થોડું મોટું દેખાઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેની સરખામણી યુરોપ, રશિયા અને કેનેડા જેવા વધુ ઉત્તરીય દેશો સાથે કરવામાં આવે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા(યુએનજીએ)માં નકશો બદલવાના પ્રસ્તાવના પક્ષમાં 164 દેશોએ મતદાન કર્યું, જ્યારે 6 દેશો વોટિંગથી દૂર રહ્યા. અમેરિકાએ આશ્ચર્યજનક રીતે આ પહેલની સખત ટીકા કરી. અમેરિકી પ્રતિનિધિ યારિના ફેરેન્સેવિચે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રએ દુનિયાની અસલી સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ, નહીં કે 16મી સદીના નકશાને બદલવા જેવી ચર્ચાઓ પર. તેમણે આને એક વૈચારિક એજન્ડા ગણાવ્યો અને કહ્યું કે આવી ચર્ચાઓના કારણે સંયુક્ત રાષ્ટ્ર પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યું છે. બીજી તરફ, આફ્રિકન યુનિયને આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે વિશ્વના નવા નકશાને વધુ સચોટ અને સમાનતાવાળો બનાવવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ગણાવ્યું. ભારતે પણ આ પહેલને સમર્થન આપ્યું છે. અહીં સમજવાની વાત એ છે કે યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનો આ પ્રસ્તાવ કાનૂની રીતે બંધનકર્તા નથી. એટલે કે તે દેશો, શાળાઓ, પુસ્તકોના પ્રકાશકો કે ટેક કંપનીઓને મર્કેટર નકશો હટાવવા માટે ફરજ પાડતો નથી. પરંતુ આનાથી નકશા બનાવવા અને ભણાવવામાં એવી પદ્ધતિઓને પ્રોત્સાહન મળી શકે છે, જેમાં દેશો અને ખંડોનું વાસ્તવિક ક્ષેત્રફળ વધુ યોગ્ય રીતે દર્શાવી શકાય. ઠરાવમાં મર્કેટર નકશાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની વાત પણ કહેવામાં આવી નથી. દરિયાઈ અને હવાઈ નેવિગેશનમાં તેનો ઉપયોગ ચાલુ રહી શકે છે, કારણ કે તેમાં દિશાઓને યોગ્ય રીતે દર્શાવવાની ખાસિયત છે. આમ તો આ ઘટનાક્રમની બહુ નોંધ લેવાઇ નથી પણ તે એક મહત્વનું પરિવર્તન છે.

## તૂટેલા ઢોલનો તાલ


ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આફ્રિકાની ખુબ જ પ્રચલિત લોકવાર્તા છે. આફ્રિકાના એક નાના ગામમાં એક વૃદ્ધ ઢોલવાદક રહેતો હતો. તેના ઢોલના સંગીત પર આખું ગામ નાચતું હતું. કોઇપણ ઉત્સવ તેના ઢોલના તાલ વિના ઉજવાતો નહીં.

એક વખત સૌથી મહત્વના વાર્ષિક ઉત્સવના ત્રણ દિવસ પહેલાં રોજના રીયાઝ વખતે તેનો પ્રિય ઢોલ તૂટી ગયો. એક બાજુ મઢેલા ચામડામાં વચ્ચે મોટો ચીરો પડી ગયો. વૃદ્ધ કલાકાર દુ:ખી થઈ ગયા શું કરવું તે સમજાયું નહીં.

ગામલોકોએ કહ્યું,'હવે આ ઢોલ કોઈ કામનો નથી. નવો ઢોલ બનાવો.'પરંતુ ઉત્સવ આડે ત્રણ જ દિવસ હતા અને ત્રણ દિવસમાં નવો ઢોલ બનાવવો શક્ય જ ન હતો. પત્નીએ કહ્યું, 'નવો બનાવવો ત્રણ દિવસમાં શક્ય નથી તો બીજાનો કોઈનો માંગી લો પછી નવો બનાવજો.'વૃદ્ધ ધોલ્વાદ્ક બધાની વાતો સાંભળતો હતો પણ તેની નજર પેલા તેના પ્રિય તૂટેલા ઢોલ પર જ હતી જેણે આટલા વર્ષો સાથ આપ્યો હતો.

વૃદ્ધે તૂટેલો ઢોલ ફેંક્યો તો નહીં જ રાત્રે બધાના સુઇ ગયા બાદ તેમણે તૂટેલા ભાગને ફરી ફરીને ધ્યાનથી જોયો તેને સીવી લીધો પછી કડક કરવા તેમાં નાની નાની લાકડાની પટ્ટીઓ લગાવી. તેણે દોરીઓ ફરી બાંધી અને ઢોલને નવેસરથી નવી રીતે તૈયાર કર્યો.અને વહેલી સવાર સુધી મહેનત કરી પછી ઢોલ ફરી વગાડ્યો. બધાને થયું કોઈ બીજાનો ઢોલ લઇ આવ્યા લાગે છે.

ઉત્સવના દિવસે જ્યારે વૃદ્ધ ઢોલ વાડકે તાલ આપી ઢોલ વગાડ્યો, ત્યારે તેનો અવાજ પહેલાથી અલગ હતો- ઊંડો, અનોખો અને ભાવસભર. લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને પૂછવા લાગ્યા આ કોનો ઢોલ છે? કૈંક નવું લાગે છે.' વૃદ્ધ ઢોલ વાદકે હસીને કહ્યું, 'આ મારો જ તૂટેલો ઢોલ છે ...'એક યુવાને પૂછ્યું, 'દાદા, તૂટેલા ઢોલમાંથી આટલો સુંદર અવાજ કેવી રીતે આવ્યો?"

વૃદ્ધ હસ્યો અને બોલ્યો, 'તૂટ્યા પછી વસ્તુ પહેલાં જેવી રહેતી નથી. પરંતુ એનો અર્થ એ નથી કે તે નકામી થી જાય છે કે તે ફરી સુંદર બની શકતી નથી. જરૂર છે થોડી વધુ મહેનત અને વિચારશક્તિની...મેં મારા વર્ષોના અનુભવને કામમાં લગાડી આ ઢોલમાંથી ફરી સુંદર તાલ આવે તેવી રીતે તેને સીવીને પટ્ટીઓ લગાડી અને નવો જ સુંદર તાલ બહાર આવ્યો.'

આ આફ્રિકન લોકકથા સુંદર સંદેશ આપે છે કે જેમ તૂટેલી વસ્તુઓ પણ ફરી કામમાં લઇ શકાય છે. તેમ જયારે જીવનમાં નિષ્ફળતા, દુ:ખ અને તૂટેલા સંબંધો આપણને બદલી નાખે કે તોડી નાખે છે ત્યારે તૂટી જવું એટલે સમાપ્ત થઈ ગયા એવું નથી.તેમાંથી બહાર આવી ફરી લડવું જ જીવન છે અને ક્યારેક જીવનના ઘા જ આપણને એક નવી, વધુ ઊંડી ઓળખ આપે છે.

# ઓછામાં ઓછું શિક્ષણ ક્ષેત્ર તો ભ્રષ્ટાચાર મુક્ત રાખો!

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**ક્યાક દાદાગીરી દબાણ અને કામ રોકીદેવાની લુખ્ખાઈ ના હોય પણ સમાજમાં ઓછું થતું જતું ચલણ હવે સરકારમાં વિવિધ વિભાગોમાં વધતું જાય છે, જેમકે શિક્ષણ વિભાગ!**

"પાન સોપારી અને પૈસો મુકો" ...."દરેક પગલે પાન સોપારી અને પૈસો મુકતા જાવ".

સમાજમાં ધાર્મિક સામાજિક કાર્યક્રમોમાં ઘણી વાર આવનારા મહેમાનનું સ્વાગત આમ પગલે પગલે પૈસો મુકીને થાય ...અબીલ ગુલાલ અને રૂપિયા ઉડાડીને થાય અએવી પરમ્પરાઓ છે. સ્ત્રીને સીમંતના પ્રસંગે પણ પગલા ભરાવે ત્યારે પગલે પગલે પૈસો મુકાવે ..પણ આ બધામાં આનંદ હોય સ્વેચ્છા હોય સમજણ હોય અને માત્ર પ્રતિકાત્મકતા હોય. ક્યાક દાદાગીરી દબાણ અને કામ રોકીદેવાની લુખ્ખાઈ ના હોય પણ સમાજમાં ઓછું થતું જતું ચલણ હવે સરકારમાં વિવિધ વિભાગોમાં વધતું જાય છે, જેમકે શિક્ષણ વિભાગ!

વાત કડવી છે પણ સત્ય છે અને આમ તો છેલ્લા ઘણા સમયથી વિવિધ આદેશો અને વિભગના ભ્રષ્ટ કર્મચારીઓ ના અન્યાયને મૂંગે મોઢે સહન કરતા શિક્ષકો હવે બોલતા થયા છે. તાજેતરમાં જ શાળામાં હાજર કરવા બાબતે વ્યવહાર કરવા કહેતા લોકો સામે શિક્ષકોએ જાહેરમાં ફરિયાદ કરી છે આવું જ ઉચ્ચ શિક્ષણમાં સળંગ નોકરી ગણવાના પરિપત્ર માટે રૂપિયા માંગવાની વાત પણ શિક્ષણ મંત્રી સુધી પહોચી છે સારી વાત એ છે કે સરકારમાં ઉચ્ચ સત્તા વાળાએ આ વાત ગંભીરતાથી લીધી છે અને દલાલ્લો થોડા સમય માટે ધીમા પડ્યા છે. પણ આ વાત કાયમ માટે જ રોકાવી જોઈએ અને સરકારે આ માટે ગંભીરતા પૂર્વક પગલા લેવા ઘટે. જોગાનું જોગ અત્યારે સ્વચ્છતા અભિયાન ચાલુ થયું છે. આ ગાંધી જયંતિ એ સરકાર સ્વચ્છતા અભિયાનની શરૂઆત શિક્ષણ વિભાગમાંથી કરે તો સારું ..આ વાત એટલા માટે લખવી પડે છે કારણકે ઉપરા ઉપરી બે ત્રણ ઘટનાઓ સામે આવી છે. ફરિયાદો થઈ છે.

સરકારશ્રીએ રાજ્યના તમામ સહાયક વર્ગના અને પાંચ વર્ષ ફિક્સ પગારમાં કામ કરતા કર્મચારીઓના નોકરીના વર્ષ સળંગ ગણવાનો નિર્ણય કર્યો પછી ક્રમસહ બધા જ વિભાગે નોકરી સળંગ ગણવાનના પરિપત્રો કર્યા પણ લાંબા સમય સુધી કોલેજોના અધ્યાપક સહાયક ની ફિક્સ પગારની નોકરી સળંગ ગણવાના પરિપત્ર થયા નહીં. જોકે એમાં ટેકનીકલ કારણ હતું અને યુજીસીના નિયમો પાળવાના હોવાથી અન્ય કર્મચારીઓની જેમ આમાં સરળતાથી પત્ર થઈ શકે તેમ ના હતો. થોડી વાર લાગી તો એમ પણ કેટલાક તક સાધુઓ વ્યવહાર કરવો પડશે ના કાવતરા કરવા લાગ્યા. એતો મંત્રી શ્રી સુધી ફરિયાદ પહોચી અને કડક આદેશો છુટ્યા બાકી એટલે વાત ધીમી પડી ગઈ બાકી એમ પણ ખેલ થયો હોત.!

આમતો આ દેશમાં લાંચ આપવી અને લેવી બન્ને ગુનો ગણાય છે પણ આ એકાદ સ્વચ્છતા સપ્તાહ દરમિયાન માત્ર લાંચ લેનારા ગુનેગાર ગણાશે એવું જાહેર કરો તો મજબુરીથી અને હારી થાકીને લાંચ આપતા નાના કર્મચારીઓ આપો આપ ફરિયાદ કરતા થઈ જશે.

વિચારો કર્મચારીને પાંચ વર્ષ પુરા થાય ત્યારે ફાઈલ માટે વ્યવહાર, પછી એરીયર્સ માટે વ્યવહાર, પછી હાયર સ્કેલની માન્યતા માટે, પછી એના એરીયર્સ માટે. કહેવાય છે કે શિક્ષકો પરદેશ જાય ત્યારે તેમના પગાર રોકી દેવાય છે પાછા આવે ત્યારે તેનું બીલ બને છે હવે આ બીલ મંજુર કરવમાં પણ લેવા દેવા થાય. મતલબ પગલે પગલે પાન મુકવાનું. કર્મચારી નિવૃત્ત થાય છે ત્યારે જી પી એફની ચુકવણી સીધી જ જમા થાય છે . ગ્રેજ્યુઅત પણ જમા થાય છે પેન્શન ખાતું ઝડપથી કામ કરે છે. પણ રજાનો પગાર કે કાગલિયા તેયાર કરનારા તો નિવૃત્ત કર્મચારી પાસે પણ આશા રાખે છે. તે દુ:ખદ છે.


સરકારને વિનંતી કે હવે ડીઝીટલ પેમેન્ટ સીસ્ટમ આટલી વિકસી છે અને પાગર સહિત તમામ બાબતોનું ડીજીટલજેશન થયું છે તો કર્મચારીને ડાયરેક્ટ પેમેન્ટની જ સુવિધા કરી દોને દરેક બાબતમાં મંજુરી અને સ્ટીકર અને કામ વગરના કાગળિયાંની ફાઈલોની ઝંઝટ જ દુર કરી દો. વળી કર્મચારીની જવાબદારી નક્કી કરી દો. ફાઈલ ને મોડું થાય કે ચુકવણી ના થાય તો જે તે ટેબલ જવાબદાર ગણાય . પછી જુવો કર્મચારી સામેથી કામ કરતો થઈ જશે.

છેલ્લે એક વાત, વારે વારે સરકાર અને ઓફિસનો વાંક કાઢવા સાથે વર્તમાન કર્મચારી મંડળના આગેવાનો એ પણ આત્મ નિરીક્ષણ કરવા જેવું છે અને તે એ કે શિક્ષક અધ્યાપક કે કર્મચારી મંડળોના આગેવાનો એ આ ખાતાકીય ભ્રષ્ટાચાર દુર કરવા ક્યાં પગલા લીધા ? ક્યાંક તો આ આગેવાનો જ વચેટિયા નું કામ કરતા હોવાની ફરિયાદો ઉઠી છે . સામાન્ય જનતા હવે બધી કચેરીમાં સી સી ટીવી કેમેરા લગાડવાની વાત કરી રહી છે એટલે તે જોઈ શકે કે "અમારાવાલા" કેટલા આમાં સામેલ છે. પાન મસાલા કે ચા પાણી ના વ્યવહાર થી શરુ થયેલો સિરસ્તો હવે ટકા મુજબ લેતી દેતી માં પહોચ્યો છે .આ રોકવું રહ્યું . સ્વચ્છતા અભિયાનમાં આંતરિક શુદ્ધિ નો પણ સમાવેશ કરીએ અને શિક્ષણ એ સમાજ ઘડતર નું ક્ષેત્ર છે માટે શુદ્ધિ કરણની શરૂઆત આ ખાતાથી થાય તો સારું.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# કાનુડો મળે તો કહેવું છે કાનમાં..!

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**ગીતામાં 'પ્રોમિસ'આપ્યું જ છે તો એક વાર જન્માષ્ટમીએ દર્શન આપો**

ભગવાન શ્રીકૃષ્ણની માફક બાળ સ્વરૂપ તો આપણું પણ વખણાતું. ડાયપર તો હમણાં આવ્યું, બાકી નાગાપૂંગાં બાળકોને પણ લોકો બચી કરતાં. બાળક એ ભગવાનનો અવતાર છે, એવી ઈજ્જત કરતાં. કોઈ પણ ઘટનાનું સત્ય પ્રમાણિત કરવાનું આવે ત્યારે, કસ્સમ ખાતા કે, 'ભગવાનના 'સોગંદ''મારી મા નાં કસ્સમ, ભાઈના કસ્સમ, તેમ પણ મેળ નહિ પડે તો. 'બાય ગોડ'બોલતા એટલે, સુપ્રીમ કોર્ટના ચુકાદાની માફક સ્થળ ઉપર જ મામલો રફેદફે થઈ જતો. એને ભગવાનનો ડર ગણો, આદર ગણો કે આસ્થા ગણો, સામેવાળો સ્વીકાર કરી લેતો કે, 'બંદા સચ બોલતા હૈ..!' હવે તો એવા ખોટીનાનો ફાલ આવ્યો કે, ખોટું સોગંદનામું કરતાં પણ ધ્રુજારો નહિ આવે. અમારા ચમનિયાને જડજ સાહેબે કહ્યું કે, 'ગીતા ઉપર હાથ મૂકીને કહો કે, 'જે કંઈ કહીશ તે સત્ય કહીશ.'ચમનિયો કહે, 'સાહેબ, ફાંસી આપવી હોય તો મને ફાંસી આપો. પણ ગીતા ઉપર હાથ તો ઠીક, પગ પણ નહિ મૂકું. કારણ કે ગીતાએ તો મારા ઉપર કેસ માંડયો છે ..!'તારી ભલી થાય તારી..! સમય-સમયના ખેલ છે દાદૂ..! જેમ જેમ મોટાં થતાં ગયાં, તો લોકો એવું કહેતા ગયા કે, 'મોટા એટલા ખોટા.!' ધીરે ધીરે ધનવાન થવાના રવાડે એવા ચઢી ગયા કે, જીવવા કરતાં જિંદગી કાપતાં હોય એવું વધારે લાગે. સવારે જાય ત્યારે પણ છોકરા સૂતેલા હોય, ને આવે ત્યારે પણ સૂતેલા હોય..! છોકરાઓને ખબર જ નહિ પડે કે, મારા 'ડેડી'કોણ છે. આ 'ડેડ' શબ્દ કદાચ એમાંથી જ આવ્યો પણ હોય..! એના કપાળમાં કાંદા ફોડું..! મુદ્દાની વાત એ કે, પહેલાં માણસો પાસે સાધનો ઓછાં હતાં ને સમયનો ઢગલો હતો. એટલે સંબંધો પણ જથ્થાબંધ રહેતા. જેમ જેમ અદ્યતન સાધનો વધતાં ગયાં, તેમ તેમ સમય અને સંબંધ સરકતા ગયા. મીડિયાએ એવો હુમલો કર્યો કે, પોસ્ટકાર્ડ ભૂગર્ભમાં ચાલી ગયો. મોબાઈલમાં આંગળી કરો એટલે, એક જ મીનીટમાં સંદેશાનું આદાનપ્રદાન થવા માંડયું. તેમ છતાં, જવાબ નહિ આવે તો, થોડી-થોડી વારે નાના છોકરાનું 'ડાઈપર'ચેક કરીએ, એમ જોયા કરવું પડે કે, કંઈ આવ્યું..? કાનુડાના સમયમાં માખણ ચોરાતું, હવે સમય ચોરાવા લાગ્યો. મોબાઈલમાં આજે ઘડિયાળ છે, કેલેન્ડર છે, રીમાઈન્ડર છે, છતાં કોઈ પાસે સમય નથી. સવારે ચા પીતાં પહેલાં છાપું વાંચે અને ચા પૂરી થાય ત્યાં સુધી દેશની અર્થવ્યવસ્થા, રાજકારણ, ક્રિકેટ અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર વ્યાખ્યાન કરવા માંડે. પોતાના ઘરમાં કોણ સાચું છે એનો નિર્ણય ન કરી શકે, પણ દેશનું ભવિષ્ય પાંચ મિનિટમાં નક્કી કરીને જેને તેને ભાંડવા માંડે. બારીમાંથી બહાર ઊભેલા માણસની હાલત જોઈને, એ સરકાર અને દુનિયાની વ્યવસ્થા આંકવા માંડે. પહેલાં ઘર એક મંદિર કહેવાતું, હવે ઘર એક હોટલ કે પથિકાશ્રમ..! નોકરી-ધંધેથી ઘરમાં આવવાને બદલે હોટલમાં આવ્યો હોય એમ જિંદગીને કાપે. જિંદગીને જીવવાનું જ ભૂલી ગયો. સગાંવહાલાં- સ્નેહી- પરિવાર હાંસિયામાં ચાલી ગયાં. મિત્રો ફેસબુકમાં કેદ થઈ ગયા. મિત્રો સાથેનું નિર્દોષ 'ચીટીંગ' દફન થઈ ગયું ને 'ચેટીંગ'વ્યવહાર બની ગયો..! જે કામ શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રથી કરતા હતા, એ કામ હવે માણસ, મોબાઈલમાં આંગળીથી કરતો થઈ ગયો. મારે આ બધી વાતો કાનુડાને કરવી છે..!

ટેન્શન નહિ લો. મારે તમને લાફવવા તો છે જ. મને ખબર છે કે, આવી બેહાલ હાલતમાં કોઈ હળવો રાખે તો એ હાસ્ય છે. હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવે સાહેબ કહેતા કે 'હાસ્ય તો જીવન જીવવાની જડીબુટ્ટી છે..!'પણ આજકાલ માણસનું તો હાસ્ય વિલાવા માંડયું. એ કરોડપતિ થયો, પણ પતિની ભૂમિકામાંથી બહાર નીકળતો ચાલ્યો. હાસ્યલેખ વાંચતાં વાંચતાં શ્રદ્ધાંજલિના પાના ઉપર ક્યારે સરી પડે, ભરોસો નહિ..! જો કે, જિંદગીથી કંટાળેલો માણસ બીજું કરી પણ શું શકે..? શ્રદ્ધાંજલિઓ જોઈને ફિલ કરે કે, છેવટે તો આપણે આ જ સ્થળે વસવાનું છે. મારો ફોટો અહીં જ છપાવાનો છે. શ્રદ્ધાંજલિમાં એ ચેક કરતો થઈ જાય કે, મારી ઉંમરવાળાની આજે કેટલાની વિકેટ પડી..? જેથી ખબર પડે કે, કેટલી ઓવરમાં આપણે હવે કેટલા રન ફટકારવાના છે..?

આ તો જન્માષ્ટમી આવી એટલે થયું કે, લાવ ને હું પણ એકાદ ફટાકડું નાંખું કે, 'કાનુડો જો આ વખતે સાક્ષાત્ મળે તો. મારે આ બધી વાત એના કાનમાં નાંખવી છે. ' ફટાકડું ફૂઈઈટુ તો ફુઈઈઈટુ, નહિ તો પછી સુરસુરિયું..! દરેક જન્માષ્ટમીએ ઉપવાસ એટલે કરું છું કે, મને બાળ સ્વરૂપે પણ ભગવાન સાક્ષાત્ દર્શન આપે તો અંતિમ ઈચ્છા પૂરી થાય. પણ પંજેરીના પ્રસાદ સિવાય કંઈ મળ્યું નથી. બાકી દર્શન થાય તો, આવનારી પેઢી પણ છાતી કાઢીને કહે કે, અમારા પૂર્વજોએ તો જન્માષ્ટમીમાં કાનુડાનાં સાક્ષાત્ દર્શન કરેલા..! વટ તો પડે ને યાર..? પ્રભુ ..! દર્શન આપો કે નહિ આપો પણ, આપની જન્માષ્ટમીનો દબદબો તો અમે દિલથી કરીએ. કદાચ એટલે જ તો ડુમસનો દરિયો સુરતના સ્ટેશનને અને તિથલનો દરિયો વલસાડના ટાવરને 'ટચ'થતો નથી. બાકી અમને તો તમને શોધવાની ટેવ તો રહેવાની. અમે ભજનમાં શોધીએ, ગરબામાં શોધીએ, હિંદુ રાષ્ટ્રની ગુંજમાં શોધીએ, જન્માષ્ટમીની મટકીમાંથી નીતરતા દહીંના ટપકામાં શોધીએ અને પંજેરીના પ્રસાદમાં શોધવાની ટેવ અમારી જવાની નથી. બાકી ઈચ્છા તો એવી થાય કે, સામે બેસીને આપ ગોકુળ વૃંદાવનની વાતો કરો, રાધા અને ગોપ ગોવાળના રાહડા સંભળાવો અને વાંસળી સંભળાવીને અમારાં દુ:ખડાં હળવાં કરો..! ગીતામાં 'પ્રોમિસ'આપ્યું જ છે તો એક વાર જન્માષ્ટમીએ દર્શન આપો ને પ્રભુ..? મારે તમને પૃથ્વી ઉપર મળવું છે. આપને મળવાની તૃષાને ઠારો. આ તો ગુરુપૂર્ણિમા આવી એટલે ગુરુજી યાદ આવ્યા, શ્રાવણ આવ્યો એટલે શિવજી યાદ આવ્યા ને જન્માષ્ટમી આવી એટલે કાનજી યાદ આવ્યા..! અમે હિંદુ રાષ્ટ્રના સંતાન છે ને..? તંઈઈઈ?

### લાસ્ટ બોલ

બીરબલનો વંશજ હોય એમ, ચમનિયાએ એક દિવસ ધડાકો કર્યો કે, 'રમેશિયા..! મેં એક અફલાતુન સંશોધન કર્યું છે. તને ખબર છે, જેની અટક સર-દેશપાંડે હોય, એ અટક પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરે એટલે ટૂંકી થતી જાય.

જો સાંભળ, પશ્ચિમમાં આવેલા ગોવામાં, જેની અટક 'સર દેશપાંડે'હોય, એ અટક પૂર્વ બાજુ મહારાષ્ટ્રમાં આવતા એમાંથી 'સર' ગાયબ થઇ જાય અને 'દેશપાંડે' થઇ જાય. ત્યાંથી વળી પૂર્વમાં ઉત્તર પ્રદેશ બિહાર કે મધ્ય પ્રદેશમાં આવતા, 'દેશ' શબ્દ ગાયબ થઇ જાય, અને માત્ર 'પાંડે' બની જાય અને ત્યાંથી પણ પૂર્વમાં બંગાળ બાજુ આવતા પાંડેમાંથી 'પા' નીકળી જાય ને માત્ર 'ડે' રહી જાય..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### શ્રીકૃષ્ણનો જન્મ

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ રોહિણી નક્ષત્રમાં રાત્રે બાર વાગ્યે થયો હતો. નક્ષત્રોના સોફ્ટવેર અભ્યાસ મુજબ તેમના જન્મને અંદાજે ૫૨૮૦ વર્ષ જેટલો સમય થયો હોવાનું કહેવાય છે. મથુરાની જેલમાં જન્મેલા શ્રીકૃષ્ણનું બાળપણ અત્યંત સંઘર્ષમય રહ્યું. યાદવ અને પછાત ગોપ સમાજમાં ઉછરેલા કૃષ્ણને ગાય ચરાવવા ખુલ્લા પગે વન-વગડામાં ભટકવું પડતું, છતાં કાંટાની પીડા વચ્ચે ગોપીઓ સાથે રાસલીલા, ઘરે-ઘરે માખણ ચોરીને ખાવું અને ગેંડી દડાની રમત જેવી લીલાઓ બાળપણની યાદ બની. કંસવધ પછી તેમનું શિક્ષણ સાંદીપનિ ઋષિના આશ્રમમાં થયું. શિક્ષણ પૂર્ણ કરીને પરત આવ્યા બાદ તેમણે જરાસંધ સામે પ્રથમ યુદ્ધ કર્યું. ત્યાર પછી સતત યુદ્ધો અને કુટનીતિ વચ્ચે રહીને તેમણે સંસારને ભગવદ્ ગીતાનો મહાન ઉપદેશ આપ્યો. કહેવાય છે કે શ્રીકૃષ્ણનું મૃત્યુ પારધીના બાણથી અજાણતાં થયું. અર્જુને આવી તેમનો અંતિમ સંસ્કાર કર્યો. માન્યતા મુજબ તેમનું હૃદય બળ્યું નહીં અને નદીમાં વહી દરિયામાં પહોંચ્યું, જ્યાંથી મળેલું હૃદય 'બ્રહ્મ પદાર્થ' આજે જગન્નાથ પુરીની કાષ્ટમૂર્તિમાં સ્થાપિત હોવાનું કહેવાય છે. દર ૧૨ વર્ષે મૂર્તિ બદલતી વખતે આ ગુપ્ત વિધિ આંખે પાટા બાંધીને કરવામાં આવે છે. સ્થાપન કરનાર પૂજારીને આજે પણ કંપન અનુભવાય છે એવી માન્યતા છે_ભગવાનની આ પણ એક લીલા જ ને?

સુરત -વિજય. તુઈવાલા

### શાસ્ત્રે બૌદ્ધા રણે યોદ્ધા

સંસ્કૃતની ઉપર જણાવેલ કહેવત વર્તમાનમાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સૌ પ્રથમ ચૂંટાયેલા સીઈઓ, (નિવૃત) એર વાઈસ માર્શલ જીતેન્દ્ર મિશ્રાએ સાર્થક કરી છે. ચાલીશ વર્ષની લાંબી સૈન્યની તેમની કારકીર્દીમાં તેઓ એ વેસ્ટર્ન એર કમાન્ડનું નેતૃત્વ સંભાળ્યું હતું. આ એ જ ક્ષેત્ર છે જ્યાં ઓપરેશન સિંદૂર દ્વારા આપણે, એક પણ નાગરિકની જાનહાનિ કર્યા વગર, યોગ્ય સમય અને યોગ્ય સ્થાને પીન પોઈન્ટ એર સ્ટ્રાઇક કરી આતંકવાદીઓની કમર તોડી નાખી હતી. જેના શીરપાવ સ્વરૂપે તેમને સેનાના સર્વોચ્ચમ મેટલ, 'સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ'થી નવાજવામાં આવ્યા હતા. લગભગ 5,585 નામોમાંથી શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર એ તેમની વરણી કરી છે. વીએચપીના અગ્રણીએ જણાવ્યું છે કે તેઓશ્રીનો વિશાળ અનુભવ ટ્રસ્ટના કાર્યને વધુ સક્ષમ અને પારદર્શક બનાવશે. અસ્તુ.

સૂરત -ચેતન સુશીલ

### GDP વધ્યો, પણ સામાન્ય માણસ કેમ પાછળ રહ્યો?

દેશની અર્થવ્યવસ્થાએ 7.8%ની GDP Growth નોંધાવતા સરકાર માટે આ સારા સમાચાર છે. એપ્રિલ-જૂન 2026ના ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક GDP 7.8% વધ્યો છે, જ્યારે Current Price GDP Growth 10.3% રહી છે. જોકે હવે સવાલ માત્ર GDP કેટલો વધ્યો તેનો નથી, પરંતુ આ વૃદ્ધિનો લાભ સામાન્ય માણસ સુધી કેટલો પહોંચ્યો તેનો છે. GDPના આંકડા સાથે રોજગાર, લોકોની આવક, ખરીદશક્તિ, મોંઘવારી, ખાનગી રોકાણ, ઔદ્યોગિક ઉત્પાદન અને વીજળીના વપરાશ જેવા આંકડાઓ પણ જોવાની જરૂર છે. GDPમાં વૃદ્ધિ થાય, પરંતુ રોજગાર અને પરિવારોની આવકમાં તેવો સુધારો ન દેખાય તો વૃદ્ધિની ગુણવત્તા અંગે સવાલ ઊભા થાય તે સ્વાભાવિક છે. અગાઉના GDP આંકડામાં થયેલા Revisionને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. પૂર્વ નાણાં સચિવ સુભાષચંદ્ર ગર્ગે દાવો કર્યો હતો કે Revisionને કારણે વૃદ્ધિનો દર ઊંચો દેખાઈ રહ્યો છે અને Revision ન થયું હોત તો વૃદ્ધિ આશરે 2.6% રહેત. જોકે આ દાવાને સરકાર અને SBIના અર્થશાસ્ત્રીઓએ પડકાર્યો છે અને નવા GDP Series તથા Base Year બદલાવને ધ્યાનમાં રાખવાની વાત કરી છે. આથી 7.8%નો આંકડો મહત્વનો છે, પરંતુ સાચી આર્થિક સફળતા ત્યારે કહેવાય જ્યારે તેની અસર સામાન્ય માણસની આવક, રોજગાર અને જીવનધોરણમાં પણ સ્પષ્ટ દેખાય.

સુરત -આશિષ ટેલર

### હવે તો હદ થાય છે

આ વર્ષે બે વાર પુર આવ્યા, ભુલાય ગયા. હવે તહેવારોનું ઘોડાપુર આવ્યું.રોજીંદા જીવનમાં તહેવારો હોવા બિલકુલ જરૂરી છે. પરંતુ આ વર્ષે જે રીતે બાપ્પા નું ધમાકેદાર આગમન ખાસ્સું વહેલું થઈ રહ્યું છે. એ વેળા શોભાયાત્રામાં થતી બેકાબુ ભીડ સાચે જ ભક્તિનું પુર હશે કે પછી દેખાદેખી ? એક મોહલ્લા,શેરીમાં કે રસ્તા ઉપર થોડા થોડા અંતરે રસ્તા વચ્ચે મોટા મંડપ સજી રહ્યા છે. સ્ટીલ ફ્રેમમાં સંખ્યાબંધ ફલડ લાઈટસ્ અને કાન ફાડી નાંખે એવા ડી.જે. દશેક દિવસ ચાલશે.ઘણા રસ્તાઓ ઉપર આટાપાટા કરતાં વાહનો તો આજથી ટ્રાફિક જામનો ભોગ બની રહ્યા છે. એવું કરી શકાય કે દર વર્ષે પોતાના વિસ્તારના ગણેશ મંડળ એક મૂર્તિનું ભવ્ય રીતે સ્થાપન કરે જેમાં બાકી મંડળ એ મંડપમાં નાની મૂર્તિનું પૂજન કરે. પ્રતિવર્ષ દરેકનો વારાફરતી વારો આવે, જ્યાં એ મંડળ એમની જગ્યાએ ભવ્ય રીતે આયોજન કરે જેમાં બધા મંડળ સહભાગી બને. આમ થવાથી ખોટી હરિફાઈ ન થાય અને સૌ વચ્ચે એકતા જળવાયેલી રહે. આ વિચાર યોગ્ય લાગે તો વહેતો કરજો જેથી આવતા વર્ષે કંઈક ફેરફાર થાય એવી આશા.

સુરત -ભુપેન્દ્ર રાયજી

### ગણેશ પ્રભુને આ મંજૂર હશે?

ગણેશોત્સવ માટે આપણું શહેર અતિઉત્સાહી છે. ધાર્મિક લાગણીનો સવાલ છે, પરંતુ જે પ્રકારે એ દસ દિવસ પહેલાં નિર્દોષ પ્રજાજનો જે હાલાકી ભોગવે છે એ પ્રભુને ગમતું હશે ? દિવસો પહેલાં મંડપ બાંધી વાહનવ્યવહાર અવ્યવસ્થિત કર્યો, રાત્રે મોડે સુધી ડી.જે. નો ઘોંઘાટ કર્યો, (વયસ્ક વ્યક્તિ કે વિદ્યાર્થી માટે જરા પણ વિચાર ન કરવો !) ઠેર ઠેર પંડાળો બાંધી આવનજાવનમાં મુશ્કેલી ઊભી કરી. પ્રભુને નામે બળજબરીપૂર્વક ફાળો ઉઘરાવવો. મંડપમાં મહેફિલો કરવી. વધુ ઊંચી મૂર્તિઓનું સ્થાપન કરવું અને છેલ્લે વધુ પ્રમાણમાં મૂર્તિઓ હોય, એટલે બીજે દિવસે નદીના કિનારા પર મૂર્તિના હાથ-પગ - મસ્તક વિ. તણાઈ આવે ! યોગ્ય રીતે વિસર્જન ન થાય એટલે! જે પ્રભુને દસ દિવસ પૂજ્યા હોય, આરતી ઉતારી હોય એ પ્રભુના અનંતચતુર્દશીના બીજે દિવસે આ હાલ? ઘણી વાર એક જ શેરીમાં બે-ત્રણ ગણપતિનું સ્થાપન કરવામાં આવે ! એમાં પણ હુંસાતુંસી ! કોઈ વ્યક્તિ ઉપર્યુક્ત બાબતોનો વિરોધ કરવા જાય તો ભક્તોની ધાર્મિક લાગણી તરત જ દુભાઈ જાય! આ પ્રકારની બાબતો મનમાની કહેવાય ! સત્ય સ્વીકારવાનું જ નહીં?

સુરત - નેહા શાહ

### શ્રીકૃષ્ણ - પ્રેરણા સ્ત્રોત, માર્ગદર્શક અને વિશ્વગુરુ

શ્રીકૃષ્ણ માત્ર ભગવાન નહીં, પણ યુગો -યુગોથી પ્રત્યેક મનુષ્યના પ્રેરણા સ્ત્રોત રહ્યાં છે.એટલે જ હજારો વર્ષો બાદ પણ આજે સૌકોઈ તેમના જન્મોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરે છે. બાળપણથી યુવાની સુધીનું તેમનું જીવન સંઘર્ષ સામે હસતા-હસતા લડવાની પ્રેરણા આપે છે. માર્ગદર્શક તરીકે કુરુક્ષેત્રમાં તેમણે 'કર્મણ્યેવાધિકારસ્તે' નો મહામંત્ર આપી માનવને ફળની ચિંતા છોડી કર્મ કરતા શીખવ્યું. વિશ્વગુરુ તરીકે શ્રીમદ્ ભગવદ્ ગીતા દ્વારા તેમણે સમગ્ર વિશ્વને જીવન જીવવાની સાચી કળા શીખવી, તેથી જ તેઓ સાચા જગદગુરુ છે! તો ચાલો, કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે તેમને ભાવપૂર્વક વંદન કરીએ કૃષ્ણમ્ વંદે જગતગુરુમ્!

સુરત -દિપ્તી ટેલર